# લોક સંવાદ હેતુ "(લોક દરબાર)" માં રજુ થયેલ પ્રશ્નની વિગત દર્શાવતું પત્રક.

| ક્રમ | પ્રશ્ન રજુ કરનારનુ નામ | પ્રશ્ન ની વિગત | જવાબની વિગત | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧. | પ્રમુખશ્રી, લોક અધિકાર મંચ, વાંકાનેર તાલુકા | પ્રશ્ન નં. ૧. વાંકાનેર તાલુકા તથા વાંકાનેર શહેરમાં સરકારશ્રીના ખરાબામાં – ગૌચર જમીન પર ગેરકાયદેસર રીતે કબજો જમાવેલ છે. | અત્રેની કચેરીને લાગુ પડતું નથી. | |
| | | પ્રશ્ન નં. ૨.<br><br>ગેરકાયદેસર બાંધકામો માં વિજ કનેક્શન આપવા બાબત. | ગુજરાત સરકારના ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગના ઠરાવ ક્રમાંક નં. આરઈએસ/૧૦૯૪/૪૪૦૩/ક૧ તા.૦૭.૦૮.૨૦૧૫. અનુસંધાને વિભાગીય કચેરી વાંકાનેર હેઠળ આવતી પેટા વિભાગીય કચેરીઓ ના વિસ્તારોમાં તાલુકા વિકાસ અધિકારીશ્રી અને નગરપાલિકા ના ચીફ ઓફિસરશ્રી દ્વારા ભલામણ કરવામાં આવેલ લાભાર્થીઓ ને ઝુપડપટ્ટી વીજળીકરણ યોજના હેઠળ વિજ કનેકશનો આપવામાં આવે છે. | પરિપત્ર ની નકલ સામેલ છે. |
| ૨ | શ્રી હુસેનભાઈ સાવદીભાઈ શેરસીયા | ખેતીની જમીનમાં જ્યોતિ ગ્રામ ફીડર માંથી વિજ કનેક્શન નહિ આપવા બાબત. | પીજીવીસીએલ કંપની ના પરિપત્ર નં. પીજીવીસીએલ/રજી.સેલ/ટી-૭૦૫૮ તા. ૨૩.૦૭.૨૦૧૪ મુજબ ખેતીવાડીમાં રહેતા અરજદારોને જ્યોતિગ્રામ ફીડર માંથી પાવર આપી શકાય નહિ તેમ છતાં ખેતીવાડીમાં રહેણાંક મકાન માં નજીક મા આવતા ખેતીવાડી ફીડર માંથી જ સ્પેશિયલ ડીઝાઈન ટ્રાન્સફોર્મર મુકીને આ વિજ કનેકશનોને ૨૪ કલાક પાવર આપી શકાય. | પરિપત્ર ની નકલ સામેલ છે. |
| ૩ | શ્રી ગોરધનભાઈ સરવૈયા, પ્રમુખશ્રી, વાંકાનેર તાલુકા, ભાજપ | ખેતીવિષયકવિજ કનેક્શન આપવામાં અસમાનતા દૂર કરવા બાબત. | સામાન્ય યોજના હેઠળ ખેતીવાડી વીજ જોડાણ લેવા માટેની અરજી નાં અનુસંધાને ખેતીવાડી વીજજોડાણ આપવું તે એક સતત ચાલતી પ્રક્રિયા છે. પ્રતિ વર્ષ માળખાગત સુવિધા, વીજ વિતરણ વ્યવસ્થા અને વિજતંત્ર પર પડનાર બોજો ઉપરાંત યોજનાવર નાણાકીય ફાળવણી ને ધ્યાને લઈને ખેતીવાડી વીજજોડાણ આપવાનું આયોજન સરકારશ્રી દ્વારા કરવામાં આવતું હોય છે અને ખેતીવિષયકવિજ કનેક્શન આપવાનો લક્ષ્યાંક અમારી નિગમિત કચેરી, રાજકોટ દ્વારા દરેક પેટા વિભાગીય કચેરી દીઠ રહેલી વર્ષવાર પડતર અરજીઓ ની સામે આપવામાં આવતો હોય છે. | |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | શ્રી શેરસીયા નુરમામદ અલીભાઈ | વણજારા ગામે સર્વે નંબર.૯૫ પૈકી ૧ મા નવું ખેતીવિષયકવિજ કનેક્શન મળવા બાબત. | વણજારા ગામે સર્વે નંબર.૯૫ મા શ્રી શેરસીયા અલીભાઈ વલી મામદ દ્વારા તા : ૦૫.૦૧.૧૯૯૪ ના રોજ ખેતીવાડી વિજ જોડાણ લેવા માટે અરજી કરેલ હતી જે અરજી નો ક્રમ મુજબ નો વારો આવતા વાંકાનેર ગ્રામ્ય-૧ પેટા વિભાગીય કચેરી તરફથી પત્ર નં. આર.એસ.ડી.૧/વાંકા/ટેક/૪૩૧૨ તા : ૨૭.૧૦.૨૦૧૦ થી નવા આધાર પુરાવા રજુ કરવા માટે જાણ કરેલજેની નકલ સામેલ છે. આ પત્ર ના અનુસંધાને શ્રી શેરસીયા અલીભાઈ વલી મામદ ના વારસદાર શ્રી શેરસીયા અયુબભાઈ ઉસ્માનભાઈ ના નામેશીફ્ટીંગ સાથે તેમની માલિકી ના અન્ય સર્વે નં. ૧૦૫ / ૩ મા વિજ જોડાણ લેવા માટે અરજી કરેલ પરંતુ સર્વે નં ૧૦૫/૩ મા કુવો કે બોર ન હોય અને અરજદાર નીકુવો કે બોર કરવાની આર્થિક પરિસ્થિતિ નબળી હોય આથી અરજદાર શ્રી શેરસીયા અયુબભાઈ ઉસ્માનભાઈ એ તા.: ૧૫.૦૨.૨૦૧૧ ના રોજ ખેતીવાડી ની અરજી રદ કરવા માટેની અરજી કરેલ જેની નકલ સામેલ છે. જેના અનુસંધાને અરજી રદ કરવામાં આવેલ છે.<br><br>શ્રી શેરસીયા નુરમામદ અલીભાઈ દ્વારા તા. ૦૪.૦૭.૨૦૧૫ ના રોજ સર્વે નં. ૯૫ પૈકી ૧ રસીદ નં.YF178452 થી રૂ| ૨૦૦/- ભરી વાંકાનેર ગ્રામ્ય-૧ પેટા વિભાગીય કચેરી મા નવી અરજી કરેલ છે. હાલ મા વાંકાનેર ગ્રામ્ય-૧ પેટા વિભાગીય કચેરી મા ૨૦૧૦ ની સાલ ની ખેતીવાડી ની અરજી નો ક્રમ ચાલુ હોય શ્રી શેરસીયા નુરમામદ અલીભાઈ નો વારો આવ્યે તુરતજ વિજ જોડાણ આપવાની કાર્યવાહી કરવામાં આવશે. | પત્ર નં. આર.એસ.ડી.૧/વાંકા/ટેક/૪૩૧૨ તા : ૨૭.૧૦.૨૦૧૦ તથા<br><br>તા : ૧૫.૦૨.૨૦૧૧ ની અરજી રદ કરવાની અરજી ની નકલ સામેલ છે. |
| ૫ | શ્રી ગોહિલ મુકેશભાઇ જશુભાઇ | માટેલ ગામ ના ખેતી ની જમીન સર્વે નં ૨૧૮/૨ મા સૌર ઉર્જા સંચાલીત ખેતીવિષયક વિજ જોડાણ છે અને ઘર વપરાસ માટે સીંગલ ફેઈસ કનેક્શન મળવા બાબત. | શ્રી ગોહિલ મુકેશભાઇ જશુભાઇ સૌર ઉર્જાસંચાલીત પંપસેટ ઉપલબ્ધકરવાની યોજનાના લાભાર્થી છે. જે અન્વયે તેઓને તા. ૧૪.૦૩.૨૦૧૬ના રોજ સૌર ઉર્જા સંચાલીત પંપસેટ(૫ હો.પા.) તેમના માટેલ ગામ ના સર્વે નં ૨૧૮ / ૨ મા ખેતીવાડી હેતુ પીજીવીસીએલ દ્વારા કરાર કરવામાં આવેલ સોલાર પંપસેટ ઉપલબ્ધ કરાવતી કંપની દ્વારા ઉપલબ્ધ કરાવેલ છે. જેનો નીભાવ અને જાળવણી લાભાર્થી એ કરવાનો હોય છે.<br><br>ઉપરોક્ત સોલાર પંપસેટમાં મોટર પૂરતું પાણી ન ઉપાડતી હોવા બાબતની અરજદારની અરજી વાંકાનેર ગ્રામ્ય-૨ પેટા વિભાગીય કચેરીને તા. ૧૮.૦૩.૨૦૧૬ના રોજ મળેલ છે. જે અન્વયે પીજીવીસીએલ દ્વારા કરારીત સોલાર કંપની ને આ બાબતે નીરાકરણ લાવવા વાંકાનેર ગ્રામ્ય-૨ પેટા વિભાગીય કચેરી દ્વારા તા.૧૯.૦૩.૨૦૧૬ના રોજ જાણ કરવામાં આવેલ છે. અરજદારની ઉપરોક્ત જમીન માં સીંગલ ફેઇઝ વિજકનેક્શન ની માગણી અંગે જણાવવાનું કે સોલાર પંપસેટ સાથે ઘરવપરાશ માટે દીવાબત્તી તેમજ મોબાઈલ ચાર્જર નો પોઈન્ટ ઉપલબ્ધ કરાવવામાં આવેલ | ગુજરાત સરકાર, ઉર્જા અને પેટ્રો કેમિકલ્સ વિભાગ, ઠરાવ ક્રમાંક નં. બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧<br><br>તા. ૨૫.૦૯.૨૦૧૪. સામેલ છે. |

| | | | | |
|---|---|---|---|---|
| | | | છે. ઉપરાંત સોલાર પંપસેટ ઉપલબ્ધકરવાની યોજના અંતર્ગત બિનપ્રણાલીગત ઉર્જા સ્ત્રોતોને પ્રોત્સાહન આપવાના હેતુથી આ યોજના હેઠળના લાભાર્થી ને યોજનાના નીયમ અનુસાર સોલાર પંપસેટ ઉપલબ્ધ થયાના ૫ (પાંચ) વર્ષ સુધી પરંપરાગત કૃષિ વિજ જોડાણ આપી શકાય નહી. આ બાબત નીતીવિષયક હોય,અમારી નિગમિત કચેરી, રાજકોટ દ્વારા માર્ગદર્શન મળ્યે સીંગલ ફેઇઝ વિજજોડાણ આપવાની આગળની કાર્યવાહી કરી શકાશે. | |
| ૬ | શ્રી શેલાભાઈ કરશનભાઈ , ગામ: વરડુસર. | ઘરવપરાશ માટે વિજ કનેક્શન મેળવવા બાબત. | અમારી વાંકાનેર ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી-૨ મા શ્રી શેલાભાઈ કરશનભાઈ , ગામ: વરડુસર. ને ઘર વપરાશ માટે વિજ કનેક્શન આપવા માટે તાલુકા વિકાસ અધિકારીશ્રી વાંકાનેર નું ભલામણ પત્ર તા. ૧૪.૦૨.૨૦૧૩ ના રોજ મળેલ. આ ભલામણ પત્ર માં માત્ર નામ બતાવેલ છે જગ્યા નો સર્વે નં. બતાવેલ નથી આ અરજીનું મોજણી કામ કરતા જાણવા મળેલ કે સદરહું મકાન ઉભું થયેલ જગ્યાની માલિકી શ્રી હરિજન બાબુભાઈ રામાભાઈ તથા શ્રીમતી ભાવનાબેન ઉર્ફે ભારતીબેન હમીરભાઈ ડાભી ધરાવે છે.અને તેમની માલિકી ની ખેતીવાડી ની આ જમીન ના સર્વે નં ૨૫૨/૧ પૈકી ૭૨ તથા ૭૩ છે. વાંધો લેનાર વ્યક્તિઓએ એ પીજીવીસીએલ ની વાંકાનેર ગ્રામ્ય પેટાવિભાગય-૨ કચેરીમાં આ જગ્યા એ વીજ જોડાણ ન આપવા વાંધા અરજી તા.૦૭.૦૩.૨૦૧૩ ના રોજ આપેલ છે તથા આ જગ્યાની તેમની માલિકી ના પુરાવા તરીકે ગામ નમુનો નં. ૭, ૧૨ તથા ૮-અ જોડેલ છે. તે તમામ ની નકલ આ સાથે સામેલ છે.<br><br>ઉપર ના સંજોગો મા જમીન ની માલિકી અંગે વિવાદ થતા અરજદાર શ્રી શેલાભાઈ કરશનભાઈ ને પત્ર નં. ૪૧૩૦ તા. ૩૦.૦૩.૨૦૧૬ થી માલિકીના પુરાવા રજુ કરવા જાણ કરેલ છે જેની નકલ આ સાથે સામેલ છે. જે મળ્યે થી વિજ જોડાણ આપવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે. | |
| ૭ | શ્રીમતી કુલસુમબેન અકબરભાઈ બાદી.<br><br>ગામ:પંચાસીયા. | એક સર્વે નંબર ના એક ખેતીવાડી વિજ કનેક્શન મા ૨ (બે) મોટર ચલાવવા બાબત. | અમારી કંપની ના પરી પત્ર નં. જીયુવીએનેલ/ટેક/એજી કને./૨૩૭૬ તા. ૨૮.૦૯.૨૦૧૨. મુજબ એક સર્વે નંબર મા એક ખેતીવાડી વિજ જોડાણ દીધેલ હોય તો આજ સર્વે નંબર મા બીજું ખેતીવાડી વિજ જોડાણ દઈ શકાય નહિ. એટલેકે કુવો કે બોર મા ફક્ત એકજ મોટર ચલાવવાની મંજૂરી આપી શકાય. એક કનેક્શન મા બે મોટર ચલાવી શકાય નહિ. આ સાથે પરિપત્ર ની નકલ સામેલ છે. | |